Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-4, March-2021

# મહારાવ ખેંગારજી ત્રીજાનું જીવન–કવન

**રમેશભાઈ હીરાજી રબારી**
પીએચ.ડી., સંશોધક, ઈતિહાસ વિભાગ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

મહારાવશ્રી ખેંગારજી ત્રીજા કચ્છી રાજયગાદી સંભાળનાર શ્રેષ્ઠ રાજવીઓમાંના એક હતા. તેમણે ૭૬ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવ્યું હતું. તેમણે પોતાના જીવનકાળમાં અનેક પ્રજાલક્ષી કાર્યો કર્યા હતા. તેથી તેઓ અગાઉના શાસકો કરતાં વધુ સફળ રહયા હતા. તેમણે પોતાના જીવનના અંતિમ વર્ષો સુધી પ્રજાનું હિત વિચાર્યું હતું. મહારાવશ્રી ખેંગારજીનું ચારિત્ર્ય અતિ સરળ અને શાંત સ્વભાવના હતો. તેમણે પ્રાણીઓનો શિકાર કરવાનો શોખ હતો. પોતાના ૭૬ વર્ષના જીવન કાળ દરમિયાન પોતાનું અનોખું વ્યકિતત્વ અને પ્રતિભા જાળવી રાખી હતી. તેમના જીવન–કવન વિશે માહિતી નીચે મુજબ છે.

**જન્મ :**

કચ્છનાં મહારાવ પ્રાગમલજી બીજાને ત્યાં સન્ ૧૮૬૬ માં એક બાળકનો જન્મ થયો હતો. આ બાળકએ મહારાવ ખેંગારજી ત્રીજા. તેમનો જન્મ સંવત ૧૯૨૩ ના શ્રાવણ સુદ ૧૩ ને ગુરૂવારે થયો હતો. મહારાવશ્રી પ્રાગમલજીને ૨ કુંવરો હતા. તેમાંના ખેંગારજી ત્રીજા સૌથી મોટા પુત્ર હતા.[૧]

**કુટુંબ :**

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના પિતાનું નામ પ્રાગમલજી હતું. તેમને કુલ સાત રાણીઓ હતી. (૧) મહારાણી કેસાબા (૨) રાણી નાનીબા (૩) રાણી જીવુબા (૪) રાણી આજુબા (૫) રાણી જીજીબા (૬) રાણી ધાંગધ્રાના રાજસાહેબ રણમલજીના કુંવરી (૭) સાતમા રાણી પોરબંદરના કેસાબાના બહેન. મહારાવશ્રી ખેંગારજીને એક નાનો ભાઈ હતો. જેનું નામ કરણસિંહ ઉર્ફે કલુભા હતું. તેમના જન્મ સંવત ૧૯૨૭ ના શ્રાવણ વદ ૧૦ ને દિવસે થયો હતો. મહારાવશ્રીના વિદેશ પ્રવાસોમાં તેમના નાના ભાઈ કલુભા હંમેશા સાથે જ રહેતા હતા..[૨]

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાને બે પુત્રો હતા. (૧) કુંવર વિજયરાયજી (૨) કુંવર મનુભા. ખેંગારજી ત્રીજાની બહેનનું નામ બાઈરાજબા સાહેબ હતું. તેઓ બિકાનેર મહારાજાશ્રી ડુંગરસિંહજી સાથે પરણ્યા હતા.

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના કુંવરી શ્રી કેસાબા સાહેબ સાયબાના ભાણેજ જે કોટાના મહારાજાશ્રી ઉમેદસિંહજી સાથે પરણાવેલા.

સંવત ૧૯૪૧ ના પોષ સુદ ૧૫ સાયલાવાળા મહારાણી સાહેબે કુંવરીશ્રી કેશાબા સાહેબને જન્મ આપ્યો અને સંવત ૧૯૪૨ ના શ્રાવણ વદ ૮ ના દિવસે ચરાડવાવાળા મહારાણી સાહેબ યુવરાજ કુમારશ્રી વિજયરાજજી ઉર્ફે મધુભા સાહેબને જન્મ આપ્યો. સંવત ૧૯૪૫ ના કારતક સુદ જ ને રોજ સાયલાવાળા મહારાણીશ્રીને પેટે કુમારશ્રી ગોડજી ઉર્ફે મનુભા સાહેબનો જન્મ થયો. આમ, મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાને ત્યાં બે કુંવરો અને એક કુંવરીનો જન્મ થયો.

સંવત ૧૯૫૭ માં કુંવરીશ્રી બાકુંવબા સાહેબના લગ્ન મહારાજા સજજનજી સાથે થયાં હતાં. સંવત ૧૯૬૩ માં યુવરાજ વિજયરાજજીના લગ્ન શિરોહીના મહારાજાશ્રી કેસરીસિંહના કુંવરીશ્રી પદ્મકુંવરબા સાહેબ સાથે થયાં. તેમજ સંવત ૧૯૭૦ માં કુમારશ્રી ગાંડજી ઉર્ફે મનુભા સાહેબના લગ્ન કુંવરીશ્રી રૂપકુંવરબા સાહેબ સાથે થયાં.

ભાદરવા વદ ૧૩ ને સંવત ૧૯૬૬ ના રોજ વિજયરાજજીને ત્યાં કુમારશ્રી મેઘરાજજી ઉર્ફે મદનસિંહજી તથા સંવત ૧૯૬૭ ના માગસુદ ૧ ના રોજ કુમારશ્રી નટવરસિંહજીનો જન્મ થયો. સંવત ૧૯૭૫ માં ગાંડજી સાહેબને ત્યાં કુમારશ્રી જોરાવરસિંહનો જન્મ થયો અને સંવત ૧૯૭૬ ના ભાદરવા વદ ૬ ના દિવસે બીજા કુંવર નરસિંહજીનો જન્મ થયો.

**બાળપણ :**

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાને બાળપણના સૌ 'બાપુભા' સંબોદિત કરીને બોલાવતા હતા. ખેંગારજી ત્રીજાએ માત્ર ૯ વર્ષની નાની આયુમાં જ પોતાની પિતાની છત્રછાયા ગુમાવી હતી. તેથી આખા રાજયની સત્તાની જવાબદારી તેમના શિરે આવી હતી. મહારાવશ્રી ખેંગારજી બાળપણથી જ તીવ્ર બુદ્ધિવાળા હતા. તેઓ દરેક બાબતને સમજવા માટેની બાળપણથી જ સમજણ ધરાવતા હતા.[૩]

**શિક્ષણ :**

મહારાવશ્રી શારીરિક અને માનસિક કેળવણી માટે આસિસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ અને દલપતરામ પ્રાણજીવન ખખ્ખરને રોકવામાં આવ્યા હતા. તેમની ખંત અને કાળજીથી મહારાવશ્રીની શારીરિક અને માનસિક કેળવણીનો સારા પ્રમાણમાં વિકાસ થયો હતો. કચ્છમાં દલપતરામ ખખ્ખરને આકેલોજીકલ સર્વે અર્થે કચ્છમાં ફરવાનું થતાં તેમની જગ્યાએ દીવાન મણિભાઈ જશભાઈ ના મિત્ર છોટાલાલ સેવકરામની મહારાવશ્રીના શિક્ષક તરીકે નિમણૂક થઈ.

મહારાવશ્રીને કેળવણી મેજર રે સાહેબ પાસેથી મળેલ શ્રી દલપતભાઈ ખખ્ખર, મણીભાઈ નંદશંકર વગેરે સાક્ષરોના સહવાસમાં તેમનો ઉછેર થયો હતો. તેઓશ્રી બાળપણથી જ તીવ્ર બુદ્ધિ ધરાવતા હતા. મહારાવશ્રી ખેંગારજીનું શિક્ષણકાર્ય એમના પોતાના જ મહેલમાં થતું હતું. ભારતીય સેનાના કેપ્ટન રે તથા ભારતના પંડિતોને બાળ ખેંગારજીના અધ્યાપન માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ પદ્ધતિના અનેક લાભ હતા. સૌથી મહત્ત્વનો વાતએ હતી કે ભાવિ શાસક પોતાના પ્રદેશ અને વાતાવરણ સાથે જોડાયેલા રહેતાં હતા. પ્રજા અને સંસ્કૃતિ સાથે તેમનો નિરંતર સંપર્ક રહેતો. મહારાવ ખેંગારજીના પોતાના પ્રદેશ અને પ્રજા પ્રત્યે જે ગર્વ અને આત્મીયતા જોવા મળતી હતી. તે આ પદ્ધતિનું પરિણામ હતું.

**અંગ્રેજી શિક્ષણ :**

મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાનું અંગ્રેજી ભાષા પર સારું એવું પ્રભુત્વ હતું. તેઓ અંગ્રેજી પરના સારી પકડને કારણે તેમના સમકાલીન રાજવીઓનાં કંઈક જુદો જ પ્રભાવ પાડતા હતા. અંગ્રેજી ભાષામાં દરેક શબ્દનો શું ચોક્કસ અર્થ થાય છે તે તેઓ તરત જ સમજી શકતા હતા. અંગ્રેજી ભાષા બોલતી વખતે પણ યોગ્ય વાકયોનો વપરાશ કરવાનો આગ્રહ રાખતા હતા. પ્રાચીન સમયમાં કચ્છના ઘણા એવા રાજાઓ હતા કે જેઓ અંગ્રેજી બોલી શકતા હતા. પરંતુ મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાનું અંગ્રેજી ભાષા પર કંઈક અલગ જ પ્રકારનું પ્રભુત્વ હતું.

મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાનું અંગ્રેજી ભાષા પરનું અદ્‌ભુત પ્રભુત્વ અને અસાધારણ કાબુ તેમના તે વખતના બ્રિટિશ શિક્ષક કેપ્ટન રે ને કારણે હતું. સારી રીતે તેમજ અર્થસભર અંગ્રેજી ભાષા બોલી સકતા હતા. મહારાવશ્રીની આ અદ્‌ભૂત સિદ્ધિનો શ્રેય તેમના બ્રિટિશ શિક્ષકને ફાળે જાય છે. તેઓ પોતાના પાછળના વર્ષોમાં સર કેપ્ટન રે ને વારંવાર હાર્દિક અંજલિ આપતા હતા. તેમના જીવનકાળ દરમિયાન ઘણા અંગ્રેજોની સાથે તેમને કામ કરવાનું થયું. ત્યારે અંગ્રેજો સાથેની મહારાવની વાતચીતમાં અંગ્રેજી ભાષાથી સૌ દંગ રહી જતા આ ઉપરાંત તેમને જે પત્રોના મુત્સુદા પેશ કરવામાં આવતા હતા. તેનો તેઓ બારકાઈથી અભ્યાસ કરતા હતા. તેમની અસાધારણ બુદ્ધિની ક્ષમતાને કારણે જે અંગ્રેજી ભાષા સારી રીતે શીખી શકયા હતા. તેઓનું અંગ્રેજી ભાષા ઉપરાંત ગુજરાતી, વ્રજ, હિન્દી, સંસ્કૃત આદિ ભાષાઓના પણ સારા જાણકાર હતા. તેમજ તેઓ સાહિત્યપ્રેમી પણ હતા.[૪]

**લગ્ન :**

સંવત ૧૯૪૦ ના મહા વદ ૧૦ તથા ઈ.સ.૧૮૮૩ ની ફેબ્રુઆરીની છઠ્ઠી તારીખે ચરાડવાના રાણા જાલમસંગજીના કુંવરીશ્રી ગંગાબા સાહેબ તથા સાયબાના ઠાકોર સાહેબના કુંવરીશ્રી મોટાબા સાહેબ સાથે મહારાવશ્રીના લગ્ન ખૂબ જ ધામધૂમથી થયા હતા. આ પ્રસંગે કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મારવાડ અને મુંબઈથી પધારેલ મહેમાનને કચ્છના હુન્નર ઉધોગનો પ્રત્યક્ષ પરિચય કરાવવા એક મોટું કળા–પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. જેથી કચ્છ બહારની પ્રજા આ પ્રદર્શન નિહાળી શકે તેમજ કચ્છના હુન્નર વિશે જાણકાર થાય.

**જીવન ચારિત્ર્ય :**

મહારાવ ખેંગારજી ત્રીજાને 'બાવા' તરીકે સંબોધવામાં આવતું હતું. તેમના પૂર્વજોથી આ સંબોધિત ચાલ્યું આવતું હતું. મહારાવ ખેંગારજી ત્રીજાનો સ્વભાવ શાંત અને સરળ પ્રકારનો હતો. બાવાશ્રીનું હૃદય સાગર સમાન હતું. એમનો સ્વભાવ ઉતાવળિયો નહોતો. એમનામાં શાંતિ એટલી બધી હતી કે કયારેક ઝડપથી કરવાના કાર્યોમાં પણ વિલંબમાં પડી જતા. તેઓનું સૂત્ર હતું કે નોકરોને જીવતે પાળવાને મરી જાયત તો બાળવા એટલે કે નોકરને તેના જીવનના અંતિમ શ્વાસ સુધી નોકરીનો પગાર આપવો પછી તે નોકર મોટી અવસ્થાનો થાય ને તેનાથી કામ ન થઈ શકે તોપણ તેને પગાર આપવો એવો નિયમ બનાવ્યો હતો. આથી નોકરને નોકરીમાંથી છૂટો કરવામાં આવતો નહીં. વારે–તહેવારે નોકરો બાવાની સલામ કરવા આવતા. એમનું ચારિત્ર્ય ઉત્તમ પ્રકારનું હતું. એ ન તો કોઈ પર ક્રોધ કરતા. દરેક પ્રશ્નનો નિરાકરણ તેમની આંતર કોઠાસૂઝ તેમજ ઠંડા દિમાગથી લાવતા. તેઓ ન્યાયની બાબતમાં પણ ખૂબ જાણકાર હતા. તેમના દ્વારા કોઈનો અન્યાય ન થાય તેની સવિશેષ કાળજી રાખતા હતા. સાચા પ્રજાપાલક અને રાજયપિતા તરીકે જીવનના

અંતિમ દિવસો સુધી પોતાની ફરજ આદર્શ રીતે બજાવી હતી. આમ તેમનું જીવન–ચારિત્ર્ય અદ્દ્ભૂત હતું.[૫]

**રાજયગાદીની પ્રાપ્તિ :**

મહારાવ ખેંગારજી ત્રીજાને રાજયગાદીને બેસાડવા અને સ્વતંત્ર રાજયની લગામ તેમના હાથમાં સોંપવા માટે રાજયારોહાણ સમારંભની બધી જ તૈયારીઓ થવા લાગી. મહારાવ ખેંગારજી ત્રીજાને ૨૧ વર્ષના બદલે ૧૮ વર્ષની ઉંમરે સંપૂર્ણ રાજય અખત્યાર સોંપવાનું જાહેર થયું. કચ્છ રાજયના પાટનગર ભુજમાં સંવત ૧૯૪૧ ના શ્રાવણ વદ પાંચમને શુભ દિવસે ભરાયેલ ભવ્ય દરબારમાં રાજયાભિષેકની પ્રક્રિયા શરૂ કરવામાં આવી. આ ભવ્ય કાર્યક્રમમાં મુંબઈમાં ગવર્નર સર ફગ્યુસેન પધારવાના હતાં. પરંતુ ચોમાસાની ઋતુના કારણે તેઓ આવી શકયા નહીં, તેથી આ પ્રસંગે મોટો ઉત્સવ ઉજવવાની કેટલીક બાબતો બાકી રાખવામાં આવી હતી.

આ પ્રસંગે મુંબઈ સરકાર વતી કચ્છના પોલિટીકલ એજન્ટ કર્નલ ફિલિપ્સે મહારાવશ્રીને સંપૂર્ણ સ્વતંત્ર રાજયસતા તથા રાજય કારભાર મહારાવ ખેંગારજી ત્રીજાના હાથમાં સોંપવામાં આવ્યું હતું. ત્યારબાદ ઈ.સ.૧૮૮૪ ના ૧૩ મી નવેમ્બર મુંબઈના ગવર્નર જેમ્સ ફર્ગ્યુસન આવ્યા ત્યારે મોટો દરબાર ભરી જાડેજા, ભાયાતો જુદા–જુદા વિસ્તારના મહાજનો તથા મહેમાનો વગેરેની હાજરીમાં ગવર્નરે સાહેબે 'કચ્છના મહારાવ' તરીકે સંબોધી મહારાવશ્રી ખેંગારજીને કિંમતી ભેટો આપી રાજયપોશાક અર્પણ કર્યો. તથા મુંબઈના ગવર્નર જેમ્સ ફર્ગ્યુસન મહારાવ ખેંગારજી ત્રીજા વિશે પોતાના ભાષણમાં કેટલીક બાબતો જણાવી તે નીચે મુજબ છે. તેમણે મહારાવશ્રી વિશે ભાષણમાં કહેતા જણાવ્યું કે તેઓના હાથ હેઠળ સમગ્ર કચ્છ રાજયનું રાજયવહીવટ સુદ્દઢતાથી તેમજ સુવ્યવસ્થિત રીતે ચાલશે. તેઓની સ્વભાવિક બુદ્ધિ સારી રીતે ખોલેલી હોવાથી તેમનું અંતઃકરણ ઉમદા કેળવણીથી સંતોષાયું છે. તેઓએ આવી ભવિષ્યવાણી કરતાં ભાખ્યું હતું કે એમણે કચ્છી દેશી પ્રજાની સ્થિતિ તથા કચ્છી પ્રજાની જરૂરિયાતોનો સંપૂર્ણ પણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. એટલું જ નહીં પરંતુ તેમનો સ્વભાવ અને સદ્દવર્તન આ બે ગુણોને કારણે તેઓ કચ્છ રાજયનો વહીવટ સારી રીતે ચલાવી શકશે. મુંબઈથી ગવર્નર જેમ્સ ફર્ગ્યુસને ભાષણમાં કહેતા વધારામાં જણાવ્યુ હતું. કે આ ગુણોથી એમની પ્રજા પણ પરિચિત જ છે અને તેમના વંશજો એ પણ કચ્છની રાજયગાદી પર શાસન કરીને કચ્છી પ્રજાનું દિન જીત્યું છે. તેથી કચ્છની પ્રજાને મહારાવશ્રી ખેંગારજી ત્રીજા ઉપર પ્રજાપપ્રિતી વૃદ્ધિ પામ્યા વગર રહેશે નહી. મારી ખાત્રી છે કે એ પ્રીતિને કારણે તેઓ તેને યોગ્ય થવાને તથાએ પ્રજાના કલ્યાણ કરવાના ઉદ્દેશથી શુભ કાર્યો હાથ ધરશે. આપણે જે ભવિષ્ય બાંધીએ છીએ તે જો સત્ય નીવડે તો લક્ષણો પરથી મનુષ્ય પારખવાની જ્ઞાનથી હું અતિ અજ્ઞાન છું એમ માનીશ.

રાજા તરીકેની પરીક્ષામાં પાર ઉતારવામાં રહેલાં સંકટો જેવા કે ઢીલા થઈ જવાની લાલચો, ખોટી પ્રશંસા તથા સત્તા બળથી બગડી જવું. વગેરેથી બાથ ભીડીને જીતવા જોઈએ. તેમ જો લોકકલ્યાણની ઈચ્છા અને નિઃસ્વાર્થ ભાવના રાખવામાં આવ્યું હોય તેની તકો અને લાભો અનંત છે. આમ, ઉપર્યુકત જણાવ્યા પ્રમાણે જેમ્સ ફર્ગ્યુસને બાવાશ્રી ખેંગારજી ત્રીજા વિશે ભવિષ્યવાણી કરી હતી. ખરેખર તેમણે કરેલી ભવિષ્યવાણી સાચી પડી. બાવાશ્રી કચ્છની ગાદી પર સફળ શાસક તરીકે નીવડયા.

**શોખ :**

મહારાવશ્રી ખેંગાર ત્રીજાને શિકારનો ખૂબ જ શોખ હતો. તેમને આ શિકારનો શોખ તેમના પિતાશ્રી પ્રાગમલજી બાવા તરફથી વારસામાં જ મળ્યો હતો. બાવાશ્રી ખેંગારજી ત્રીજાને બીજા પ્રાણીઓ કરતાં ચિત્તાઓનો શિકાર કરવામાં વધુ રસ દાખવતા હતા. તેઓને પ્રાણીઓનો શિકાર ઉપરાંત પ્રકૃતિ પ્રત્યે પણ અદ્દ્ભૂત પ્રીતિ હતી.

પ્રાગમલજી બાવાના સમયથી જ જંગલી જનાવરોમાં ચિત્તાઓનો ખૂબ ત્રાસ હતો. કારણ કે એ સમયે ચિત્તાઓની સંખ્યામાં ખૂબ જ વધારો થયો હતો. તેમના ૪૫ જેટલા ચિત્તઓનો શિકાર કર્યાનો ઉલ્લેખ ઈતિહાસમાં છે. પ્રાગમલજી બાદ બાવાશ્રી ખેંગારજી ત્રીજાના સમયમાં પણ આ ચિત્તાઓનો વધારો કચ્છમાં ખૂબ થઈ ચૂકયો હતો. આ ચિત્તાઓના ત્રાસની ફરિયાદો જયાંથી બાવાશ્રી ખેંગારજી ત્રીજાને સાંભળવાની મળતી ત્યારે તે જ ક્ષણે તેઓ બધા કામો પડતા મૂકી આ જનાવરનું પગેરું શોધીને જયા હોય ત્યાં તેને માર્યા પછી ચેનના શ્વાસ લેતાં. આ શિકારો પાછળ તેમને કેટલી મહેનત અને પરિશ્રમ કરવો પડે છે. તેની કદી પરવા કરવા નહી તેઓ પોતાના શોખ માટે ગમે તેવા સંજોગોમાં નીકળી પડતા હતા.

એક વખત શિરોહી બાજુ મહારાવશ્રી ખેંગારજી શિકાર માટે ગયા હતા. આબુના વિશાળ પહાડમાં સાબરના શિકારની યોજના કરાઈ અને તે પ્રમાણે ગોઠવણો થઈ. મહારાવ ખેંગારજી ત્રીજા એક વિશાળ શિલા જે ઊંચાણના ભાગે હતી. ત્યાં બંદૂક સાથે

એકલા જ બેઠેલ હતા. આજુબાજુ ત્યાંના અને અહીંના શિકારીઓ ત્યાં જે સાબર ખીણ ખાડાની ઝાડીમાં છુપાયેલ તેને બહાર કાઢવા હાકલો તથા પડકારો કરી રહયા હતા. એ સમયે ઓચિંતાનો એક ચિત્તો છુપી રીતે બાવા જે શિલા પર બેઠેલ હતા. તેના પર આગળના ભાગેથી ચડી આવ્યો. બાવાની નજરએ બાજુ હોવાથી આગળ જેમ આરસનું પૂતળું બેસાડેલ હોય તેમ સ્થિર જ બેસી રયા. જરા પણ હલ્યા ચલ્યા નહિ. શિલા પર બેઠેલ માણસને જોઈ ચિત્તો પાછો વળી ગયો. જયારે ૨૦–૨૫ કદમ આગળ વધ્યો કે મહારાવે બંદૂકને હાથમાં તોળી બંદૂકનો ઠાર કર્યા. એક જ ગોળીમાં જનાવર માર્યો ગયો. આવા તો બાવાશ્રીના અનેક કિસ્સાઓ ઈતિહાસના પાને નોંધાયેલ છે.

મહારાવશ્રીને ચિત્તાઓનો શિકાર કરવાના શોખ સિવાય પણ ઘણાં શોખ હતાં. તેમને મગરમચ્છનો શિકાર કરવાનો પણ શોખ હતો. કચ્છમાં મગરમચ્છને 'ભાગુ' કહેવામાં આવે છે. કચ્છના ભુજ શહેરમાં હમીરસર તળાવ આવેલું છે. આ હમીરસર તળાવમાં મગરમચ્છ હતા. જેમાંના ત્રણ મગરમચ્છનો શિકાર કરી રાવશ્રી ખેંગારજી ત્રીજાએ કચ્છ મ્યુઝિયમમાં રખાવેલ છે. મગરમચ્છ હંમેશા હમીરસર તળાવના ઊંડા પાણીમાં રહેતા હતા. આમ મહારાવશ્રી ખેંગારજી ત્રીજાને મગર મચ્છનો શિકાર કરવાનો પણ શોખ હતો. તેઓએ હમીરસર તળાવમાંના અનેક મગરમચ્છનો શિકાર કર્યો હોવાનો ઉલ્લેખ છે.

બાવાશ્રી ખેંગારજી ત્રીજાને આ શિકારના શોખ ઉપરાંત ઘોડાઓનો અતિ(ખૂબ) શોખ હતો. તેઓ આશ્વવિધાના પણ જાણકાર હતા. ઘોડાની ખોડા અને એની ખામીઓ ઝટથી મહારાવશ્રી ખેંગારજી ત્રીજા પારખી શકતા હતા. તેવી જ રીતે તેઓ માણસોના ચહેરોને પણ ઓળખી શકવાની શકિત ધરાવતા હતા. આ ઘોડાઓની શોખ પણ તેમણે પોતાની જિંદગીના અંતિમ વર્ષો સુધી જાળવી રાખ્યો હતો. તેમના ઘોડાઓ પ્રત્યે શોખના કારણે કચ્છમાં ઘોડાઓનું પ્રદર્શન યોજવાનું ચાલું કરાવેલ હતું. સારી ઓલાદના ઘોડા ઉછેરવાનું કાર્ય તેમણે ચાલુ કરાવેલ હતું.[૬]

**ખેંગારજી ત્રીજાનો પ્રકૃતિપ્રેમ :**

કચ્છ લખપતના જયકૃષ્ણ ઈન્દ્રજીએ ઈ.સ.૧૯૨૬ માં 'વનસ્પતિ અને તેન ઉપયોગિતા' નામનું પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકમાં તેઓએ લખ્યું છે. કે આખા સ્વસ્થાનમાં ભુજનો દરબારી બોટેનીકલ ગાર્ડન જે શરદ બાગને નામે આ સ્વસ્થાનમાં જ નહિ. પરંતુ દેશદિશાંતરોમાં પ્રસિદ્ધ છે. તે તો ખરેખર દેશી–વિદેશી વનસ્પતિઓથી સમૃદ્ધ એટલો બધો ભરપૂર છે કે તેની શોભા કંઈ ઔર જ છે. આ બાગ વિવિધ પ્રકારના વૃક્ષો અને ઝાડોની ઘટાથી તેના નામ પ્રમાણે શરદ અર્થાત જોનારાને હૃદય આલ્હાદિત કરી શીતળતા આપે છે.

કચ્છના મહારાવની રાજવાટિકા શરદ બાગ ભુજ શહેરની મહાદેવ નાકાની બહાર હમીરસર તળાવની સામે ખેંગાર પાર્કની નજીક આવેલ કચ્છ રાજવીઓની અનોખી ગાથા ગીતો, ઔષધિઓથી ભરપૂર છે. શરદ બાગમાં ઔરંગઝેબનો ભાઈ દારાસિકોએ આશરો લીધો હતો. તેથી તે દારાવાડી તરીકે જાણીતો છે. શદર બાગ લીલોછન બાગ છે. આ શરદબાગમાં આસોપાલવના વૃક્ષોનો એક સુંદર સદાનકુંજ બનાવવામાં આવેલા છે. આ ઉપરાંત બીજા ઝાડો, જામફળ, કોફી, અરીઠી, જાંબુ, ફણસ, ખજુરી, ચંદન, મચકંદ, દેશી સરું વગેરેનો છે. સંવત ૧૯૭૫ ના 'આયુવેદ વિજ્ઞાન' ના તંત્રીશ્રી રા.શાસ્ત્રીજી દુર્ગાશંકર કેવલરામે નોધ્યું હતું કે આખા કાઠિવાયાડ ગુજરાતમાં એવો બાગ નથી. આ બાગ વનસ્પતિ શાસ્ત્રીઓ માટે ઘણો ઉપયોગી છે.

મહારાવશ્રી ખેંગારજીને પ્રકૃતિ પ્રત્યે અપાર પ્રેમ હતો. તેઓ અવારનવાર જંગલોમાં ઔષધિઓની શોધખોળ માટે નીકળી પડતા હતા. બાવાશ્રીને ગુલાબનો ઘણો શોખ હતો. મહારાવશ્રી ખેંગારજી ત્રીજાએ વિલાયતથી સંવત ૧૯૭૭ માં ૧૭૧ જુદી જુદી ઉમદા જાતના ગુલાબ પોતાની સાથે લઈ આવ્યા હતા. કચ્છ જેવા શુષ્ક દેશના શરદ બાગમાં ભુજનો બોટીનીકલ ગાર્ડન જોવા મળે છે. આ શરદ બાગમાં ઔષધોપયોગી વૃક્ષો, ઝાડવાઓ, છોડ વેલાઓ વગેરે પણ ઝૂઝ પ્રમાણમાં જોવા મળે છે. શરદ બાગના બિલિયર્ડ રૂમમાં મહારાવશ્રી ખેંગારજી ત્રીજાએ શિકાર કરેલ બે પેન્થરના ફુલ સાઈઝના સ્ટફ કરેલ મોરા જોવા મળે છે.

આમ, મહારાવશ્રી ખેંગારજી ત્રીજા પ્રકૃતિપ્રેમી હતા. તેઓને પ્રકૃતિ પ્રત્યે અપાર પ્રેમ હતો. તેઓને ફૂલ–ઝાડનો પણ એટલો જ શોખ હતો. તેમણે આ શોખ જીવનસભર ટકાવી રાખ્યો હતો.

**ઈલકાબો અને પદવીઓ :**

મહારાવ ખેંગારજી ત્રીજાને ઈ.સ.૧૮૮૫ માં માર્ચ મહિનામાં સરકારે 'સવાઈ બહાદુર' નો માનવંતો ખિતાબ આપ્યો હતો. તથા દિવાન મણિભાઈ જશભાઈને 'દીવાન બહાદુર' નો ઈલકાબ આપ્યો હતો. ઈ.સ.૧૮૮૭ માં મહારાવ ખેંગારજી ત્રીજાને ૧૮૮૭

માં મહારાવ ખેંગારજી ત્રીજાને ૧૮૮૭ ના જુલાઈ માસમાં મહારાણી વિકટોરીયાની જયુબિલી મહોત્સવમાં ભાગ લેવા જવાનું થયું ત્યારે મહારાવ ખેંગારજી ત્રીજાના નાના ભાઈશ્રી કલુભા સાહેબ સાથે વિલાયત જવા મુંબઈ પધાર્યા. ત્યારે મુંબઈમાં વસતી કચ્છની વફાદાર પ્રજાએ સભા ભરી. મહારાવશ્રીને 'માનપત્ર' આપ્યું હતું. જયારે વિલાયત પધાર્યા ત્યારે તેમનું ભારે સત્કાર કરવામાં આવ્યું તથા મહારાણી વિકટોરિયાએ મહારાવ ખેંગારજી ત્રીજાને "નાઈટ ગ્રાન્ટ કમાંડર ઓફ ધ સ્ટાર ઓફ ઈન્ડિયન એમ્પાયર" તો તથા તેમના ભાઈશ્રી કલુભા સાહેબને 'કમાંડર ઓફ ધી ઈન્ડિન એમ્પાયરનો માનવંતો ખિતાબ આપવામાં આવયો હતો.

મહારાઓશ્રી ખેંગારજી ત્રીજા ઈ.સ.૧૯૨૧ માં હિંદના નરેન્દ્ર મંડળના પ્રતિનિધિ તરીકે 'ઈમ્પીરિયબ કોન્ફરન્સ' માં ભાગ લેવા માટે લંડન પધાર્યા હતા. એ વખતે બીગ ઓફ નેશન્સ પણ તેમણે ભાગ લીધો હતો. એ અરસામાં જ તેમને K.C.S.I. નો ખિતાબ અર્પણ કરવામાં આવ્યો.[૭]

**અવસાન :**

મહારાવશ્રી ખેંગારજી ત્રીજા દુરદર્શી પ્રભાવશાળી અને ઉદાર સ્વભાવના હતા.કચ્છમાં થયેલ ૧૮ રાજવીઓમાં વધુમાં વધુ સુવાસ ફેલાવનાર તથા દરેક કચ્છીના દિલમાં વસેલ મહારાવ ખેંગારજી ત્રીજા હતા. મહારાઓશ્રીની બૃદ્ધિમત્તા અપાર હતી. તેથી એમનું વ્યકિતત્વ સામા પર પ્રભાવ પાડે તે પ્રકારનું હતું. એમની તેજસ્વિતા અને હાજર બુદ્ધિમા સામા ને બોલતો બંધ કરી દેવાની શકિત હતી. તેમનામાં શકિત હતી. સમજદારી પણ હતી. પરંતુએ શકિત અને સમજદારીના પ્રમાણમાં એમણે કચ્છનો વિકાસ સાધ્યો નહિ એમ કહેવાય છે. ભલે તેમના સમયમાં કચ્છમાં વિકાસ સાધી શકાયો ન હોય પરંતુ મહારાવે ખેંગારજી ત્રીજાના સમયમાં કચ્છની પ્રજા સુખી અને સમૃદ્ધ હતી. તેમણે પોતાની પાઘડી સલામત લઈને ૬૭ વર્ષની ઉમરે સંવત ૧૯૯૮ ના પોષવદ ૧૩ ના રોજ સ્વર્ગવાસી થયા.

મહારાવ ખેંગારજી ત્રીજાના અવસાન પર સુપ્રસિદ્ધ પત્રકાર અને 'વદે માતરમ' ના તૃંત્રી શામળદાસ ગાંધીએ 'વંદે માતરમ' માં લખ્યું હતું. અને છતાંય પોતાનાથોડા ઈરાદાપૂર્વક અને પોતાની થોડીક સ્વભાવજન્ય નિષ્ક્રિયતા પૂર્વક સાચવી રાખેલ કચ્છના ઘનઘાર અંધકારનો સર ખેંગારજી તેજ દીવડો હતા. મહારાવશ્રી એક પ્રખર વ્યકિતત્વવાળા રાજવી હતા. એક કોમળ હૃદય કચ્છ–નરેશમાં છલકતું હતું. વેધક બુદ્ધિ તીવ્ર નજર અને કરેલ આંખ ઘણાંય સદ્ગુણો મહારાવમાં હતા. આંતરરાષ્ટ્રીય મિજલસોમા શોભે એવા મહારાવશ્રી ભારતવર્ષના એક ભવ્ય રાજવી હતા. તેમના શાસનકાળ દરમિયાન અનેક સુધારાઓ થયાં અને સાથે કુદરતી આફતો પણ આવી. દુષ્કાળની જેમ કચ્છમાં પ્લેગનો રોગ પણ ફેલાયેલો તેવી જ રીતે મોરબી સાથેના વાદવિવાદો પણ ચાલતા રહયા. ટૂંકમાં, મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાનાં સમય કચ્છ માટે નૂતનયુગનું પ્રભાવ લઈને આવયો હતો.

**(૨) શાસનતંત્ર :**

મહારાવશ્રી ખેંગારજી ત્રીજા વિક્રમ સંવત ૧૯૩૨ ની પોષ સુદ ૭ ને સોમવારે કચ્છ રાજયની ગાદીએ બેઠા. બાવાશ્રી ખેંગારજી ત્રીજા જયારે રાજગાદી પર બેઠા ત્યારે તેમની ઉંમર માત્ર નવ વર્ષની હતી. તેઓ સગીર હોવાથી હોવાથી અંગ્રેજ અધિકારી તથા કચ્છના દીવાનો વગેરેએ રાજયનો કારભાર સંભાળ્યો. મહારાવશ્રી ખેંગારજી ત્રીજાએ ઈ.સ.૧૯૪૨ સુધી રાજયશાસન કરીને કચ્છમાં પ્રગતિ સાધી અર્વાચીન યુગમાં પ્રવેશ કર્યું હતું. ભૂતકાળમાં ઉત્તમ અને કાર્યક્ષમ કાઉન્સિલ ઓફ રિજન્સીની રાજય પદ્ધતિ ફરીથી દાખલ કરવામાં આવી. આ મહાજનનો એક પ્રતિનિધિ લેવાયો હતો. આ રિજન્સી કાઉન્સિલના પ્રમુખસ્થાને કચ્છના એ વખતના પોલિટિકલ એજન્ટ હતા. સ્વ.બાવાશ્રી પ્રાગમલજીએ શાસનતંત્રના જે નકકર મંડાણ કર્યા હતા. તેને સુદૃઢ બનાવવાની કાઉન્સિલે મક્કમ નીતિ તૈયાર કરી.

આમ, મહારાવશ્રી ખેંગારજી ત્રીજા માત્ર ૯ વર્ષની નાની ઉંમરે કચ્છની ગાદી ઉપર આવ્યા અને ૧૮ વર્ષની ઉંમરે સ્વતંત્ર રાજયસત્તાની આવી. ત્યારથી તેમના કચ્છ રાજય પર શાસનની શરૂઆત થઈ.

કચ્છના રાવશ્રી ખેંગારજી ત્રીજાના વખતોવખત વિરોધ થતા મોરબી ઠાકોરશ્રી મચક આપતા ન હતા. બાવાશ્રી ખેંગારજી ત્રીજાના સમયમાં શરૂઆતમાં રિજન્સી કાઉન્સિલ નામની વહીવટ ચલાવવા માટે રચના કરવામાં આવી હતી. આ સમયગાળા દરમ્યાન કચ્છ–મોરબીનો ઝઘડો ફરીને ઊભો થયો હતો. તેના સમાધાન અર્થે આર.એમ.કેનેડીએ સમસ્યાના મૂળ સુધી પહોંચવા અને તેને સમજવાની કોશિશ ન કરી તથા કચ્છના અખાતમાંથી કચ્છ અને મોરબીને અલગ કરતી કાલ્પનિક લાઈન દોરવાનું સૂચન કર્યું. કચ્છ રાજયે આનો વિરોધ કર્યા. ઈ.સ.૧૯૦૪ માં તેને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું. મહારાવશ્રી ખેંગારજી ત્રીજાએ ગર્વમેન્ટ ઓફ બોમ્બે. ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા

અને સેક્રેટરી ઓફ સ્ટેટને અરજીઓ મોકલવાની ચાલુ જ રાખી હતી. પરંતુ કોઈ ધાર્યું પરિણામ બાવાશ્રીને પ્રાપ્ત થયું નહિ.

**પાદનોંધ**


(૧) નયગાંધી જયરામદાસ જેઠાભાઈ, 'કચ્છનો બૃહદ ઈતિહાસ' પ્રકાશક પોતે, પ્રકાશન વર્ષ : ૧૯૫૯

(૨) કારાણી દુલેરાય, 'કચ્છ કલાધર', ભાગ–૨, પ્રકાશક : પ્રવિણ પ્રકાશન પ્રા.લિ. લાભ ચેમ્બર્સ, મ્યુ.કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ

(૩) કારાણી દુલેરાય, 'કારા ડુંગર કચ્છ જા' ઈતિહાસ અને લોકકથામાં કચ્છ, પ્રકાશક : એલ.એફ.રશબ્રુક વિલિયમ્સ, સિલેસ્ટર, હેમ્શાયર, ઈંગ્લેન્ડ, વર્ષ ૧૯૬૪

(૪) જેઠી પ્રમોદ, 'કચ્છના ઐતિહાસિક લેખો', પ્રકાશક : કચ્છ ઈતિહાસ પરિષદ ભુજ–કચ્છ, પ્રકાશન વર્ષ : ૨૦૧૭

(૫) ગઢવી શંભુદાન, 'કચ્છ દર્શન', પ્રકાશક પોતે મુદ્રક ડાયાભાઈ એમ. પટેલ ભગવતી મુદ્રણાલય, પ્રકાશન સ્થળ ૧૯, અજય એસ્ટેટ, દુધેશ્વર રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧ વર્ષ : ૧૯૭૮

(૬) ડૉ.શર્મા ગોવર્ધન એન્ડ ડૉ.ભાવના મહેતા, કચ્છ જા જયોર્તિધરો, જ્ઞાનલોક પ્રકાશન, ગાંધીનગર, ૧૯૮૯